# પ્રવચન નં:- ૨૦
# સમયસાર ગાથા ૧૮૧ થી ૧૮૩
# તા-૧૭-૯-૮૭

ધર્મની શરૂઆત એનો અધિકાર છે. નિર્જરા એટલે ધર્મની વૃદ્ધિ અને મોક્ષ એટલે ધર્મની પૂર્ણતા. સંવરથી ધર્મની શરૂઆત થાય છે અને સંવર થતાં એ જીવને અનાદિકાળનું અજ્ઞાન, આસ્રવ દૂર થાય છે અને સંવર એટલે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય છે. **ત્યાં (સંવર અધિકારની) શરૂઆતમાં જ, (ભગવાનકુંદકુંદાચાર્ય) સકળ કર્મનો,** એટલે બધા પ્રકારના ભાવકર્મનો સંવર કરવાનો **ઉત્કૃષ્ટ ઉપાય,** તે ભાવકર્મ રોકાવાનો ઉત્કૃષ્ટ ઉપાય, સંવર એટલે રોકાવું. આસ્રવનો નિરોધ એને સંવર કહેવાય. આસ્રવ એટલે મિથ્યાત્વ નામનો આસ્રવ રોકાય જાય અને સમ્યગ્દર્શન નામનો સંવર પ્રગટ થાય.

કહે છે કે **સકળ કર્મનો,** એટલે ભાવકર્મનો **સંવર કરવાનો ઉપાય** એટલે આસ્રવને રોકવાનો ઉપાય. ઉપાય શું? **જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે.** આત્મા ભિન્ન છે અને આસ્રવ ભિન્ન છે. એ બેને ભિન્ન જાણીને, અંતરસન્મુખ થઈને, આસ્રવથી ભિન્ન પોતાના જ્ઞાનમાં જ્ઞાયકનો અનુભવ કરવો. એ અનુભવ થતાં એ આસ્રવમાં એકતાબુધ્ધિ છૂટી જાય છે અને જ્ઞાયકમાં એકત્વરૂપે પરિણમન નવું થાય છે.

**એનો ઉપાય જે ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરવામાં આવે છે.** ભેદજ્ઞાન હંમેશા બે વચ્ચે હોય. આત્મા અને આસ્રવ બે વચ્ચેના ભેદજ્ઞાનની વાત કરે છે. જગતના પદાર્થો તો ભિન્ન છે તેની સાથે કાંઈ સંબંધ નથી પણ અનાદિકાળથી પોતાના સ્વભાવને ભૂલીને પરભાવ ને પરદ્રવ્યને પોતાના માનવા એવું મિથ્યાત્વ અજ્ઞાન અને મિથ્યાચારિત્રના પરિણામ પ્રગટ થાય છે. એ રોકાય જાય અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના મોક્ષમાર્ગના પરિણામ કેમ પ્રગટ થાય એનો ઉત્કૃષ્ટ ઉપાય જે ભેદવિજ્ઞાન એટલે પરથી ભિન્ન આત્માનો અનુભવ કરવો, અભેદનો અનુભવ કરવો એનું નામ ભેદવિજ્ઞાન છે.

ભેદવિજ્ઞાન શરૂઆતમાં રાગથી મારો આત્મા ભિન્ન છે એમ વિચારમાં આવે. હું એ રાગથી ભિન્ન સાક્ષાત એ પરમાત્માનો પોતાને અનુભવ થાય ત્યારે તેને અભેદનો અનુભવ કહેવામાં આવે છે. અભેદનો અનુભવ થતાં રાગની અનુભૂતિ છૂટી ગઈ. રાગના અનુભવમાં આકુળતા હતી. હવે રાગથી ભિન્ન આત્માનો અનુભવ થયો એમાં આનંદનો અનુભવ આવે છે. એ આનંદનો અનુભવ જેમાં આવે તેને ધર્મના પરિણામ, સંવરના પરિણામ કહેવાય. જ્યાં સુધી અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન આવે ત્યાં સુધી તેને સંવરના પરિણામ, ધર્મના પરિણામ ન કહેવાય.

ધર્મનું ફળ સુખ છે. અધર્મનું ફળ દુઃખ છે અને ધર્મનું ફળ સુખ છે. તો ધર્મ પ્રગટ થયો એ શેના

ઉપરથી જણાય? કેમકે ધર્મના પરિણામ તો અરૂપી છે. એ તો છદ્મસ્થનો જીવ કાંઈ એના જ્ઞાનઉપયોગમાં ધર્મના પરિણામને જાણી શકતો નથી. એ જણાતા પણ નથી. કેમકે એ પરિણામ અરૂપી છે. તો ધર્મના પરિણામ નથી જણાતા પણ ધર્મના પરિણામનું જે ફળ, આ ધર્મ થયો એ ખબર કેમ પડે? કે એનું માપવાનું સાધન એક જ છે. કે અનાદિકાળથી જે આકુળતા એટલે દુઃખનું વેદન આવ્યા કરે છે, તે દુઃખનું રોકાવું અને આત્મિક સુખનું પ્રગટ થવું એને ધર્મના પરિણામ કહેવાય. જેમાં સુખનું વેદન અતીન્દ્રિય આત્મિક સુખનું વેદન આવે, સ્વાદ આવે પોતાને સ્વાદ. એ જ્ઞાનમાં સુખનો સ્વાદ આવે એને સંવર પરિણામ કહેવામાં આવે છે, અથવા એને ધર્મના પરિણામ કહેવામાં આવે છે.

ધર્મનું ફળ સુખ છે. આજે ધર્મ કરે અને કાલે સુખ પ્રાપ્ત થાય એમ નથી. આ રોકડીયો ધર્મ છે. રોકડીયો એટલે જે સમયે ધર્મ કરે તે સમયે દુઃખ જાય અને સુખ પ્રગટ થઈ જાય. દુઃખનું રોકાવું એટલે આસ્રવનું રોકાવું અને સુખનું પ્રગટ થવું એટલે સંવરનું થવું. એમ. એનો **ઉત્કૃષ્ટ ઉપાય ભેદવિજ્ઞાન તેની પ્રશંસા કરે છે,** આચાર્યભગવાન. પ્રશંસા એટલા માટે કરે છે, કે જેટલા અત્યાર સુધી સિધ્ધપરમાત્મા થયા એ બધા ભેદવિજ્ઞાનથી થયા છે અને જેટલા સંસારમાં રખડે છે તે ભેદવિજ્ઞાનના અભાવથી રખડે છે. બેની એકતા.

જ્ઞાન અને રાગ ભિન્ન ભિન્ન હોવા છતાં જ્ઞાન અને રાગને એક માનવા, જ્ઞાન અને દુઃખ ભિન્ન હોવા છતાં રાગ-દુઃખ અને જ્ઞાનને એક માનવું એનું નામ એકતા કહેવાય. એકતા છે તે આસ્રવતત્ત્વ અજ્ઞાનભાવ છે. અને એને ભિન્ન પાડીને એકલા જ્ઞાનનો સ્વાદ લેવો રાગરહિત, એકલો જ્ઞાનનો સ્વાદ જેમાં રાગમિશ્રિત જ્ઞાન નથી. એ એકલા સ્વાદમાં એ સ્વાદ જ્ઞાનનો એકલો હોય જ નહીં તેમાં આનંદ આવે ત્યારે જ્ઞાનનો સ્વાદ આવ્યો કહેવાય. જો એ જ્ઞાનમાં આનંદ ન આવે તો જ્ઞાનનો સ્વાદ નથી. કેમકે કાં આનંદનો સ્વાદ આવે અને કાં આકુળતાનો સ્વાદ આવે. જ્ઞાન સ્વાદ વિના રહેતું નથી. નિયમ છે. જ્ઞાનમાં કંઈ ને કંઈ સ્વાદ હોય છે. કાં તો એને દુઃખની અનુભૂતિ હોય અને કાં સુખની અનુભૂતિ હોય. અનુભવ વિનાનું કોઈ જ્ઞાન ન હોય. જ્ઞાનમાં હંમેશા કાં દુઃખનું વેદન અને કાં સુખનું વેદન હોય, હોય ને હોય જ. કાલે પંકજભાઈએ કહ્યું હતું કે આ સંવર અધિકાર લ્યો તો એમાં કાંઈક વેદનની મુખ્યતાથી વાત કરજો તો વધારે સમજાય. એટલે વેદનની મુખ્યતાથી વાત કરવામાં આવે છે.

એ જ્ઞાન વેદન વિનાનું ન હોય. જ્ઞાનમાં સ્વાદ આવે છે. જ્ઞાન સ્વાદીલું છે. સ્વાદ વિના એ જ્ઞાનની ખબર નથી પડતી. એ જો એને દુઃખનું વેદન અને દુઃખનો સ્વાદ આવતો હોય તો સમજી લેવું કે અજ્ઞાન છે. અને જો એ દુઃખથી ભિન્ન પડીને એ જ્ઞાન આત્મસન્મુખ થયું અને જ્ઞાયકમાં અહંપણું થયું તો એ જ્ઞાનમાં આત્મિકસુખનો સ્વાદ આવે છે. જે સમયે જ્ઞાનમાં જ્ઞાયક જણાય તે સમયે સુખનું વેદન આવે છે. તો જ્ઞાન લુખું નથી. જ્ઞાન સ્વાદીલું છે. સ્વાદ લીધા વિના જ્ઞાન ન હોય.

અજ્ઞાનમાં દુઃખનો સ્વાદ અને જ્ઞાનમાં સુખનો સ્વાદ. જો દુઃખનો સ્વાદ આવતો હોય તો અજ્ઞાન સમજી લેવું. અને જ્ઞાનનો ઉઘાડ ભલે ઓછો હોય પણ જો સુખનો સ્વાદ આવ્યો તો સમજી લેવું કે આ જ્ઞાન છે. જ્ઞાનનું લક્ષણ વેદનથી નક્કી થાય છે. જ્ઞાન અને અજ્ઞાન બેની પ્રતીતિ, બેનું લક્ષણ વેદનથી થાય છે. જો વેદન દુઃખનું હોય તો ગમે તેટલા શાસ્ત્ર ભણે ને તપ કરે ને વ્રત કરે, આહાહા! ઉપવાસ કરે અને આકુળતા વેદાતી હોય તો અજ્ઞાન છે અને ઉપવાસમાં આનંદનું વેદન આવી જાય તો સમજી લેવું કે આ ધર્મ છે.

એમ ઉપવાસમાં તેમ કોઈપણ ક્રિયામાં, ભગવાનની પૂજામાં, જાત્રામાં, પાપના પરિણામમાં તો દુઃખનું વેદન છે જ એમાં તો હવે કાંઈ આપણે કોઈને કહેવા જેવું તો છે નહીં. પણ શુભભાવના ફળમાં પણ દુઃખ છે. એ દુઃખ વેદાય છે એમ જ્યારે જ્ઞાનમાં આવે છે ત્યારે સમજી લેવું કે અજ્ઞાન છે. અજ્ઞાનની સાથે અવિનાભાવ દુઃખના વેદનનો સદ્ભાવ છે અને જ્ઞાનની સાથે અવિનાભાવ સુખના વેદનનો સદ્ભાવ છે. એટલે વેદનથી જીવ છેતરાતો નથી. વેદન વિનાના જ્ઞાનમાં છેતરાય જાય છે. શાસ્ત્રજ્ઞાન થયું, તો વેદન આવ્યું કાંઈ? કે વેદન આનંદનું નથી આવ્યું. તો શાસ્ત્રજ્ઞાન પણ અજ્ઞાન છે. જ્ઞાન નથી.

વેદનથી અજ્ઞાન અને જ્ઞાન એનો નિર્ણય થાય છે. પોતે નિર્ણય કરી શકે છે. બીજા કોઈની આમાં ડખલગીરી નથી. બીજાનો કોઈ પ્રવેશ થઈ શકતો નથી. પોતે જાણી શકે છે. કે અત્યારે અજ્ઞાન છે કે આ જ્ઞાન છે? જ્ઞાનનો ઉદય થયો કે હજી અનાદિકાળનો અજ્ઞાનનો ઉદય હતો તેનો તે ચાલે છે કે કાંઈ ફેરફાર થયો, જાત્યાંતર જ્ઞાનમાં થયું? જાત્યાંતર ક્યારે કહેવાય કે આનંદનો સ્વાદ આવે ત્યારે જાત્યાંતર જ્ઞાન કહેવાય. અજ્ઞાન ગયું અને જ્ઞાન પ્રગટ થયું. એવી દશાને પરમાત્મા સંવર કહે છે. ધર્મનો અધિકાર છે આ.

ધર્મનું ફળ તરત જ છે. કર્મનું ફળ પણ તરત જ છે અને ધર્મનું ફળ પણ તરત જ છે. એક સમય પૂરતું છે. પાપનું ફળ પણ તરત, પુણ્યનું ફળ પણ તરત અને ધર્મનું ફળ પણ તરત. પુણ્ય-પાપથી કર્મ બંધાય અને તેનું ફળ પછી આવે એ સંયોગ ને નિમિત્તનું જ્ઞાન કરાવે છે. બાકી ફળ તો એ સમયે-પાપના પરિણામનું ફળ દુઃખ, પુણ્યના પરિણામનું ફળ ઓછું દુઃખ અને ધર્મના પરિણામનું ફળ સુખ. એ જ્ઞાન વેદે છે, વેદે છે ને જાણે છે. જાણે છે ને વેદે છે. જાણતું વેદે અને વેદતું જાણે. દુઃખને વેદતું જાણે અને જાણતું દુઃખને વેદે એ અજ્ઞાન છે અને સુખને વેદતું જાણે અને જાણતું વેદી લ્યે, સુખને. તો એનું નામ સમ્યગ્જ્ઞાન છે. સંવર છે.

ધર્મના પરિણામનું ફળ હંમેશા સુખ હોય છે. એવો અધિકાર ઊંચામાં ઊંચો સંવર અધિકાર છે. છે પર્યાયનો અધિકાર પણ ધર્મના પરિણામનો અધિકાર છે. પરિણામ બે પ્રકારના છે. એક વિભાવભાવ અને એક સ્વભાવરૂપ પરિણામ બે પ્રકાર છે. કાં મિથ્યાત્વ હોય અને કાં મિથ્યાત્વ જાય તો સમ્યગદર્શન

હોય. કાં અશુધ્ધપરિણામ હોય કષાયરૂપ અને કાં અકષાય વીતરાગી પરિણામ હોય. તો ભેદજ્ઞાનની આમાં પ્રશંસા કરે છે. હવે એની ગાથા છે.

**ઉપયોગમાં ઉપયોગ, કો ઉપયોગ નહિ ક્રોધાદિમાં,**
**છે ક્રોધ ક્રોધ મહીં જ, નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં. ૧૮૧.**
**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,**
**કર્મો અને નોકર્મ કંઇ પણ છે નહિ ઉપયોગમાં. ૧૮૨**
**આવું અવિપરીત જ્ઞાન જયારે ઉદ્‌ભવે છે જીવને,**
**ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગ શુધ્ધાત્મા કરે. ૧૮૩.**

હવે એ મૂળ ગાથા છે એ ગાથા ઉપરથી પહેલાં આપણે લઈ લઈએ. કે **ઉપયોગમાં ઉપયોગ છે,** ઉપયોગમાં ઉપયોગ. ઉપયોગ શબ્દ બેયમાં કોમન છે. પણ પહેલામાં 'માં' છે. ઉપયોગમાં છે. ઉપયોગમાં એટલે જ્ઞાનમાં. જ્ઞાનમાં એટલે વર્તમાન વર્તતી જાણન જે ક્રિયા થાય છે એમાં, ઉપયોગમાં એટલે જાણવાની ક્રિયામાં ઉપયોગ છે. ઉપયોગ એટલે આત્મા છે. જાણનક્રિયામાં આત્મા છે. જાણનક્રિયામાં આત્મા તન્મય છે. જાણનક્રિયામાં આત્મા જ્ઞાયક તન્મય હોવાથી એ ઉપયોગમાં જ્ઞાયક જણાયા જ કરે છે, સમયે સમયે. સ્વીકાર કરે કે સ્વીકાર ન કરે વસ્તુસ્થિતિ ફરવાની નથી.

જો સ્વીકાર કરે તો શુધ્ધોપયોગ થઈ જાય, સંવર. ઉપયોગમાં એટલે જ્ઞાનનો વર્તમાન વર્તતો સ્વચ્છ ઉપયોગ છે. જાણવાની ક્રિયા એમાં ઉપયોગ છે. એ બેયને આધાર-આધેય સંબંધ છે. દ્રવ્યને આધારે જાણવાની ક્રિયા છે અને જાણવાની ક્રિયાને આધારે દ્રવ્ય રહેલું છે. એ પરસ્પર આધાર-આધેય સંબંધ છે. પર્યાયના આધારે દ્રવ્ય છે કાં દ્રવ્યના આધારે પર્યાય છે. પરસ્પર આધાર-આધેય સંબંધ છે. એ ઉપયોગમાં એટલે વર્તમાન વર્તતા જ્ઞાનઉપયોગમાં જાણવાની જે ક્રિયા પ્રગટ થઈ રહી છે તેમાં ઉપયોગ એટલે જ્ઞાયક ભગવાનઆત્મા છે. આહા! પ્રકાશમાં દીપક છે. પ્રકાશમાં ઘટપટ નથી. શું કહ્યું?

મુમુક્ષુ :- પ્રકાશમાં દીપક છે પ્રકાશમાં ઘટપટ નથી.

ઉત્તર :- કેમકે ઘટપટની સાથે પ્રકાશનું તન્મયપણું નથી અને પ્રકાશમાં દીપક કેમ છે? કે પ્રકાશ અને દીપક એક વસ્તુ તન્મય છે. માટે પ્રકાશમાં દીપક છે. તો હવે જો પ્રકાશમાં દીપક છે તો પ્રકાશ કોને જાહેર કરે છે? ઘટપટને કે પ્રકાશક એવા દીપકને? આ તો દૃષ્ટાંત સાદો છે સીધો. આ અત્યારે પ્રકાશ છે. અહીં દેખાય છે. દીપક પણ છે અને એનો પ્રકાશ છે. તો એ જે પ્રકાશ છે એ પર્યાય છે અને દીપક છે એ દ્રવ્ય કહેવાય. તો એ પ્રકાશક અને પ્રકાશ એ બે વચ્ચે એને તાદાત્મ્યસંબંધ છે. બેય અનન્ય છે. કથંચિત અનન્ય છે. કથંચિત એક સત્તા છે. દીપકને આધારે પ્રકાશ છે અને પ્રકાશને આધારે દીપક છે. એમાં બેમાંથી એકને તમે કાઢી નાખો જોઈએ. દીપક રહેશે? એકને બાતલ કરો. કે ભઈ દીપક ન જોઈએ

તો પ્રકાશ નહીં રહે અને પ્રકાશને બાદ કરશો તો દીપક રહેતો નથી. દીપક નામ નહીં રહે એનું. અહીંયા અંધારું કરી નાખો. અંધારું કર્યા પછી કહો કે દીપક છે આ. અંધારું થઇ ગયું પછી દીપક કયાં રહ્યો?

એમ કહે છે કે ઉપયોગમાં ઉપયોગ તેમાં વર્તમાન જાણનક્રિયા છે એમાં ભગવાનઆત્મા જ છે. જેમ પ્રકાશમાં દીપક છે, ઘટપટ નથી. એમ ઉપયોગમાં આત્મા છે અને ક્રોધાદિ નથી. જો પ્રકાશમાં ઘડો હોય તો ઉપયોગમાં રાગ હોય. જો પ્રકાશમાં ઘડો આવી જાય, સર્પ આવી જાય, પ્રકાશમાં સિંહ આવી જાય, પ્રકાશમાં નાગ આવી જાય તો પ્રકાશમાં તો નાગ આવતો નથી. પ્રકાશ પ્રકાશરૂપ છે અને નાગ તો ભિન્ન ચીજ છે.

એમ ઉપયોગમાં ભગવાનઆત્મા જ છે પણ ઉપયોગમાં ઘટપટ પણ નથી અને રાગ પણ નથી અને ક્રોધ પણ નથી. એ ભિન્ન છે. જેમ પ્રકાશથી ઘટ ભિન્ન છે એમ ઉપયોગથી રાગ ભિન્ન છે અને ઉપયોગથી આત્મા અભિન્ન છે. ઉપયોગ અને આત્મા એક સત્તા છે, એક વસ્તુ છે. કથંચિત ભિન્ન સત્તા ભલે કહી અને છે, એ દૃષ્ટિ અપેક્ષાએ કહે છે.

અહીંયા તો સંવરની પર્યાય જે પ્રગટ થાય છે એમાં જ આત્મા જણાય છે. એમ સિધ્ધ કરવું છે. આસ્રવમાં આત્માનો અનુભવ થતો નથી અને સંવરમાં આત્માનો અનુભવ થાય છે માટે સંવરને જ અમે આત્મા કહીએ છીએ. આસ્રવને આત્મા કહેતા નથી. જે રાગમાં આત્માનો અનુભવ ન થાય એ જીવના પરિણામ જ નથી. જે પરિણામ આત્માને પ્રસિધ્ધ ન કરે તે પરિણામ આત્માના ન હોય. એ પુદ્ગલના પરિણામ છે. પુદ્ગલના પરિણામ પુદ્ગલને પ્રસિધ્ધ કરે છે અને આત્માના પરિણામ આત્માને પ્રસિધ્ધ કરે છે. પ્રકાશ છે તે દીપકને પ્રસિધ્ધ કરે છે અને ઘટની જે પર્યાય છે એ માટીને પ્રસિધ્ધ કરે છે. ઘટની પર્યાય માટીની સાથે તન્મય છે અને પ્રકાશની પર્યાય દીપકની સાથે તન્મય છે. જે જેનાથી તન્મય હોય તે તેને પ્રસિધ્ધ કરે.

**ઉપયોગમાં ઉપયોગ છે.** એટલે વર્તમાન વર્તતો જ્ઞાનનો જે વ્યાપાર છે એમાં આત્મા જ છે. આખો આત્મા એમાં રહેલો છે. ઉપયોગમય આત્મા છે. ઉપયોગ અને આત્મા જુદી ચીજ નથી. પ્રકાશ અને દીપક એક વસ્તુ છે. બે વસ્તુ નથી. જો સર્વથા બે વસ્તુ હોય તો પ્રકાશ ન હોય અને દીપક પણ ન હોય. સર્વથા ભિન્ન નથી, કથંચિત ભિન્ન છે. કહે છે ઉપયોગમાં એટલે વર્તમાન વર્તતા જ્ઞાનમાં આત્મા છે. આહા! આમ પથ્થરનો હીરો હાથમાં છે ત્યારે ઉપયોગ છે. ઉપયોગમાં પથ્થર છે કે ઉપયોગમાં આત્મા છે. જો ઉપયોગમાં પથ્થર હોય તો ઉપયોગનો નાશ થઇ જાય. અને કાં પથ્થર ઉપયોગરૂપ થઇ જાય. પણ પથ્થર ભિન્ન છે અને ઉપયોગ ભિન્ન છે. તો ઉપયોગમાં જો પથ્થર નથી તો ઉપયોગમાં આત્મા છે. એમ જો ઉપયોગમાં રાગ નથી તો ઉપયોગમાં જ્ઞાયક છે.

**ઉપયોગમાં ઉપયોગ,** પહેલો ઉપયોગ-માં શબ્દ છે ને એ ક્રિયાવાચક છે. એ ક્રિયા જ્ઞાનની ક્રિયા

જાણવાની થાય છે સમય સમયમાં. એમાં ઉપયોગ એટલે આત્મા છે. આહા! એ બાળગોપાળ સૌને સદા જણાય છે જ્ઞાનમાં. એનું કારણ કે જ્ઞાનમાં આત્મા રહેલો છે અને જ્ઞાનમાં રાગ નથી માટે રાગ જણાતો નથી. જે છે એ જણાય, ન હોય એ કયાંથી જણાય? પ્રકાશમાં દીપક જણાય છે. પ્રકાશ દીપકને પ્રસિધ્ધ કરે છે. ઘડો તો એમાં છે નહીં. તો ઘડાને પ્રસિધ્ધ જ નથી કરતો. તો ઘડાને કોણ પ્રસિધ્ધ કરે છે? ઘટની પર્યાય માટીને પ્રસિધ્ધ કરે છે.

પર્યાય દ્રવ્યને પ્રસિધ્ધ કરે એ નિયમ રાખવો. પર્યાય દ્રવ્યને પ્રસિધ્ધ કરે એ પર્યાય એ જ દ્રવ્યની છે. જે પર્યાય સ્વદ્રવ્યને પ્રસિધ્ધ ન કરે તે પર્યાય બીજા દ્રવ્યની છે. ખ્યાલ આવ્યો? જે પરિણામ જેના હોય તેને જ પ્રસિધ્ધ કરે. જે પરિણામ જેના ન હોય એને એ બીજાને પ્રસિધ્ધ ન કરે. પાણીની ઉષ્ણ પર્યાય થઈ એ ઉષ્ણતા અગ્નિને પ્રસિધ્ધ કરે છે. એ પાણીને પ્રસિધ્ધ ન કરે. અને પાણીની શીતળ પર્યાય છે એ પાણીને પ્રસિધ્ધ કરે અને અગ્નિને પ્રસિધ્ધ ન કરે.

એમ, આ ક્રોધાદિ જે થાય છે ને, એ ક્રોધાદિ આત્માને પ્રસિધ્ધ નથી કરતું. ક્રોધ જેનો છે એને પ્રસિધ્ધ કરે છે અને જ્ઞાન જેનું છે એને જ્ઞાન પ્રસિધ્ધ કરે છે. જ્ઞાન આત્માને પ્રસિધ્ધ કરે, ક્રોધ ક્રોધને પ્રસિધ્ધ કરે અથવા ક્રોધ પુદ્ગલને પ્રસિધ્ધ કરે. કેમકે એ પુદ્ગલના પરિણામ છે. જીવના પરિણામ હોવાની ભ્રાંતિ થઈ છે. શુભાશુભભાવ પુદ્ગલના જ પરિણામ છે. જીવના છે નહીં. કેમકે એમાં બિલકુલ ચેતન નથી, ચેતનનો અંશ-જાગૃતિનો અંશ નથી, જડ છે એ. વિભાવભાવ છે, જડ છે, પુદ્ગલના સંબંધથી થાય છે માટે પુદ્ગલના જ પરિણામ છે. માટે રાગ પુદ્ગલને પ્રસિધ્ધ કરે છે અને ઉપયોગ આત્માને પ્રસિધ્ધ કરે છે. બેય વસ્તુ જુદી જુદી છે. એકદમ બેય આમ.

**ઉપયોગમાં ઉપયોગ,** વર્તમાન જાણવાની ક્રિયામાં ભગવાન રહેલો છે. **કો ઉપયોગ નહીં ક્રોધાદિમાં,** ઉપયોગ એટલે જ્ઞાયક જીવતત્ત્વ એ ક્રોધ નામના આસ્રવમાં નથી. ક્રોધમાં નથી, જડમાં નથી. ચેતન જડમાં નથી. ચેતનના પરિણામમાં ચેતન છે. પણ ચેતન ચેતનના પરિણામમાં પણ છે અને ચેતન જડના પરિણામમાં પણ છે એમ ત્રણકાળમાં હોય શકે નહીં. ચેતન નામનું દ્રવ્ય છે એ ચેતના પરિણામમાં ચેતન છે. પણ એ ચેતન નામનું દ્રવ્ય ક્રોધાદિમાં નથી. જડમાં નથી. ચેતન જડમાં નથી.

ઉપયોગ એટલે જ્ઞાયક આત્મા ક્રોધમાં નથી. આહાહા! આસ્રવમાં નથી. આત્મા સંવરમાં છે પણ આત્મા આસ્રવમાં નથી. કેમકે આસ્રવ જડભાવ છે. અચેતન છે. આહા! કેમકે જડ જે ક્રોધાદિ છે એ આત્મા આશ્રિત નથી. આસ્રવતત્ત્વ આત્મા આશ્રિત નથી. માટે આત્માના પરિણામ નથી. માટે આસ્રવો આત્માને પ્રસિધ્ધ નથી કરતા અને સંવર પરિણામ આત્માના છે માટે આત્માને પ્રસિધ્ધ કરે છે.

ઉપયોગ એટલે જે જીવતત્ત્વ છે એની વર્તમાન જ્ઞાન, દર્શન ઉપયોગ શકિતની વ્યકિત પ્રગટ થાય છે. એ વ્યકિત શકિતને પ્રસિધ્ધ કરે છે. વ્યકત અવસ્થા એની શકિત છે એને પ્રસિધ્ધ કરે. કેમકે એ વ્યકત

શકિતની સાથે તન્મય છે. વ્યકત અવસ્થા પરને પ્રસિદ્ધ નથી કરતી. કેમકે પરમાં તન્મય નથી.

માટે **ઉપયોગ નહિ ક્રોધાદિમાં,** દયા, દાનના પરિણામમાં આત્મા નથી. દયા, દાનના પરિણામ જે જ્ઞાનમાં જણાય એ જ્ઞાનમાં આત્મા છે. પણ દયા, દાનના પરિણામમાં આત્મા નથી. કેમકે દયા, દાનના પરિણામ જડ છે. જડમાં ચેતનનો વાસ ન હોય. ચેતનના પરિણામમાં ચેતન છે. ઉપયોગમાં ઉપયોગ છે. જ્ઞાનમાં જ્ઞાયક છે. પણ એ જ્ઞાનમાં જ્ઞાયક છે એમ ક્રોધમાં પણ જ્ઞાયક છે એમ છે નહીં.

માટે **ઉપયોગ નહિ ક્રોધાદિમાં,** આત્મા કોઈ ક્રોધના ભાવોમાં નથી. ક્રોધ, માન, માયા, લોભ. મંદ અને તીવ્ર બધું લઈ લેવું. આહાહા! **છે ક્રોધ ક્રોધ મહીં જ,** એ ક્રોધના પરિણામ છે એ ક્રોધમાં જ છે. ક્રોધ ક્રોધમાં છે. ઉપયોગ ઉપયોગમાં છે. જ્ઞાન આત્મામાં છે અને આત્મા જ્ઞાનમાં છે. અને ક્રોધ ક્રોધમાં છે. વસ્તુ બેય જુદી છે. **છે ક્રોધ ક્રોધ મહીં જ, છે ક્રોધ ક્રોધ મહીં જ,** જડભાવમાં જડભાવ છે અને ચેતનભાવમાં ચેતનભાવ છે. બેના ફેસલા છે, એક જડભાવ અને એક ચેતનભાવ.

**નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં,** પહેલા બોલમાં પર્યાયમાં દ્રવ્ય છે એમ કહ્યું પછી દ્રવ્ય પોતાની પર્યાયમાં છે અને બીજાની પર્યાયમાં નથી. એ બીજા ચરણનો અર્થ. ત્રીજા ચરણમાં એમ કહે છે કે ક્રોધ ક્રોધમાં જ છે. ચોથા ચરણમાં કહે છે કે **નિશ્ચય ક્રોધ નહીં ઉપયોગમાં,** એટલે રાગ જાણનક્રિયામાં નથી. રાગ જણાય જ્ઞાનમાં. છતાં રાગ જ્ઞાનમાં આવે નહીં. રાગ જ્ઞાનમાં નથી આવતો એટલે રાગનો સ્વાદ નથી આવતો. જો રાગ જ્ઞાનમાં આવી જાય તો રાગનો સ્વાદ આવી જાય.

મુમુક્ષુ :- અનાદિથી જીવને રાગનો સ્વાદ નથી આવ્યો.

ઉત્તર :- નથી આવ્યો. જ્ઞાનનો સ્વાદ છે છતાં પણ રાગનો પ્રતિભાસ દેખીને 'હું રાગી'. એટલે જ્ઞાનનું અજ્ઞાન કર્યું એટલે એને આકુળતાનું વેદન થઈ જાય છે. આ દુઃખથી મુકાવાનો ઉપાય છે. દુઃખને રોકવાનો ઉત્કૃષ્ટ ઉપાય. સકળકર્મનો સંવર એટલે દુઃખને રોકાવાનો ઉપાય. દુઃખ રોકાય તો સુખ પ્રગટ થાય. નફો થાવા મંડે તો નુકસાની બંધ થઈ જાય. અને નુકસાની ચાલુ હોય તો નફો ન થાય. નફો થાય જ નહીં. સવારથી સાંજ સુધી વકરો કર્યો, વકરો કર્યો ભલે પણ એમાં નુકસાની થયા કરે અને પછી કહે કે ભાઈ કેટલો નફો થયો? કે નફો કયાંથી થાય. નુકસાનીથી માલ વહેંચ્યો છે. આહા! અને દિવસ આખામાં વકરો થાય, નફાથી જ માલ વહેંચ્યો છે પણ નફો થયો કેટલો એ કયાં કામ છે. નફો જ છે. નફા સિવાય કાંઈ આપણે વ્યાપાર કરતા નથી.

એમ કહે છે કે જે જ્ઞાનઉપયોગમાં ક્રોધાદિ જણાય છે તે સમયે ઉપયોગ ભિન્ન છે અને ક્રોધ ભિન્ન છે. ક્રોધ જ્ઞેય છે અને આત્મા જ્ઞાનમય છે. એ જ્ઞાનમય ચેતનમય આત્મામાં જડ ક્રોધનો પ્રવેશ નથી. જડ ક્રોધ જણાય પણ જડ ક્રોધ જ્ઞાનમાં આવે તો દુઃખનું વેદન થાય ને? જડ ક્રોધ એનું ફળ દુઃખ એ તો આવતું નથી એમાંથી. દુઃખનું વેદન કયાંથી થાય? એકલા જ્ઞાનનું વેદન એટલે આનંદનું વેદન આવી જાય.

મુમુક્ષુ :- કોઈ જીવ દુઃખી થતો જ નથી.

ઉત્તર :- એટલે કે દુઃખી થાય છે એ કેમ? કે જે ક્રોધ ભિન્ન છે જડ અને જ્ઞાનમાં પ્રતિભાસે છે અને હું રાગી થઈ ગયો તો જ્ઞાનનું અજ્ઞાન કર્યું તો અજ્ઞાન કર્યું તો દુઃખી થઈ ગયો. અજ્ઞાનથી દુઃખ છે. દુઃખકા કારણ તુજે તેરા અજ્ઞાન હૈ, એ શું અજ્ઞાન? કે રાગ ભિન્ન હોવા છતાં રાગ જ્ઞાનમાં પ્રતિભાસતા 'હું રાગી' 'હું દ્વેષી' એ એની ભૂલ થઈ ગઈ, એમ છે નહીં.

**નિશ્ચય ક્રોધ નહિ ઉપયોગમાં.** દયા, દાનના પરિણામ જ્ઞાનમાં નથી. હવે જ્ઞાનની પર્યાયમાં દયાના પરિણામ ન આવે તો આત્મામાં ક્યાંથી આવે? શું કહ્યું? કે જ્ઞાનની એક સમયની પર્યાય, જાણવાની ક્રિયા. એમાં જાણવાની ક્રિયામાં ન જણાય એવું જડ એમાં ન આવે તો ઉપયોગમય આત્મા છે એમાં ક્યાંથી જડ આવે? ઉપયોગમાં પણ પ્રવેશ નથી રાગનો.

મુમુક્ષુ :- આંગણામાં જ ન આવે તો ઘરમાં ક્યાંથી આવે?

ઉત્તર :- ક્યાંથી આવે? રાગનો પ્રવેશ થયો જ નથી, થતો નથી. પણ એની દૃષ્ટિ વિપરીત છે એટલે હું રાગી થઈ ગયો એમ માને છે, એ તો એનું અજ્ઞાન છે. વસ્તુસ્થિતિ એમ નથી. પછી બે લીટી થઈ એક ગાથા.

પછી **ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં,** ઉપયોગ એટલે જ્ઞાયકતત્ત્વ, ચેતનતત્ત્વ જડ એવા આઠ કર્મમાં નથી અને શરીર એવા નોકર્મમાં આત્મા નથી. તમે શરીરમાં આમ શોધો તો એમાં આત્મા નથી. આત્મા તો એનાથી જુદો છે. એમ આઠ પ્રકારના કર્મમાં આત્મા નથી. આઠ કર્મમાં કર્મ છે. શરીરમાં શરીર છે. પણ શરીરમાં જીવ નથી. જીવ એનાથી જુદો છે. શરીર અને જીવ એક ચીજ નથી. બેય ચીજ ભિન્ન ભિન્ન છે. એટલે આઠ કર્મમાં આત્મા નથી અને શરીરમાં પણ આત્મા નોકર્મમાં નથી.

**કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં.** હવે આઠ કર્મ જે છે અને શરીર છે એ જ્ઞાનની પર્યાયમાં નથી. જ્ઞાયક આઠ કર્મમાં નથી અને આઠ કર્મ જ્ઞાનની પર્યાયમાં નથી. શું કહ્યું? કે જીવતત્ત્વ જે છે, જ્ઞાયકતત્ત્વ એ આઠ કર્મ અને શરીરમાં નથી અને આઠ કર્મ અને શરીર વર્તમાન વર્તતી જાણનક્રિયામાં નથી. જાણનારો કર્મ-નોકર્મમાં નથી અને જાણનક્રિયામાં કર્મ-નોકર્મ નથી. જાણનાર ત્રિકાળી જ્ઞાયક કર્મ-નોકર્મમાં નથી અને કર્મ-નોકર્મ જ્ઞાયકમાં નથી એમ ન લખતા ઉપયોગમાં નથી. પર્યાયમાં નથી. એ બહાર છે. જણાય ખરા. જણાય પણ એમાં આવે નહીં. જ્ઞેય જ્ઞાનમાં પ્રવેશ ન થાય. જ્ઞેય જો જ્ઞાનમાં આવી જાય તો આત્મા જડ થઈ જાય. તો છ દ્રવ્ય રહે નહીં, પાંચ થઈ જાય.

**ઉપયોગ છે નહિ અષ્ટવિધ કર્મો અને નોકર્મમાં, કર્મો અને નોકર્મ કંઈ પણ છે નહિ ઉપયોગમાં.** બે ગાથા થઈ. હવે ત્રીજી ગાથા. **આવું અવિપરીત જ્ઞાન** એટલે સાચું જ્ઞાન. અવિપરીત

એટલે સાચું જ્ઞાન. **જયારે ઉદ્‌ભવે છે જીવને,** ભલે અનંતકાળ ગયો. સાચું જ્ઞાન ન ઉત્પન્ન થયું. ન થયું તો ન થયું. ભૂતકાળને જાવા દયો. પણ **જયારે** એટલે અત્યારે, આવું જો સાચું જ્ઞાન ઉત્પન્ન થાય તો એને સંવરદશા, ધર્મની દશા પ્રગટ થાય, અને સંવર થયો એ કેમ જણાય? કે આનંદનો સ્વાદ આવે તો, જો આનંદનો સ્વાદ નથી તો અધર્મ છે. ધર્મ નથી. કાં ધર્મ અને કાં અધર્મ બે જ હોય. કાં ધર્મના પરિણામ હોય અને કાં અધર્મના પરિણામ (હોય). વ્યવહાર ધર્મ નહીં. કાં ધર્મ અને કાં અધર્મ, બે જ. કાં મિથ્યાદર્શન અને કાં સમ્યગ્દર્શન, બસ. બીજો વચલો રસ્તો કોઈ છે નહીં એમાં.

**આવું અવિપરીત જ્ઞાન જયારે ઉદ્‌ભવે છે જીવને,** એટલે જીવને ઉદ્‌ભવે તો છે. પણ જયારે શબ્દ મુકયો. સંવર ઉત્પન્ન તો થાય છે. આસ્રવ રોકાય છે. અનંતજીવો સિધ્ધપરમાત્મા થયા. આસ્રવ રોકાણો અને સંવર પ્રગટ થયો. ધર્મ અને ધર્મની વૃધ્ધિ અને ધર્મની પૂર્ણતા. સંવર એટલે ધર્મ, નિર્જરા એટલે ધર્મની વૃધ્ધિ, મોક્ષ એટલે ધર્મની પૂર્ણતા.

એવા અનંત પરમાત્માઓ થઈ ગયા અત્યાર સુધી. તો કહે છે કે જયારે આવું સાચું જ્ઞાન જેમ છે તેમ થાય **ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુધ્ધાત્મા કરે,** હું રાગનો કર્તા છું એવી બુધ્ધિ છૂટી જાય. રાગનો જાણનારો છું એમ આવે પણ રાગનો કરનારો છું એમ ન આવે. રાગને કયારે કરે કે રાગમય થાય તો આત્મા રાગને કરે. આહા! અને ઉપયોગ, ઉપયોગ રાગને કયારે કરે કે ઉપયોગ રાગમય થાય તો. આત્મા પણ રાગમય ન થાય અને ઉપયોગ પણ રાગમય ન થાય.

મુમુક્ષુ :- આત્મા પણ રાગમય ન થાય અને ઉપયોગ પણ રાગમય ન થાય.

ઉત્તર :- ઉપયોગ તો જીવનું લક્ષણ છે. એ જો રાગમય થઈ જાય તો ઉપયોગલક્ષણનો નાશ થાય તો આત્માનો નાશ થઈ જાય. ઉપયોગ એટલે જાણવાની ક્રિયા, જ્ઞાનની ક્રિયા.

મુમુક્ષુ :- સૂરજનો પ્રકાશ તો પીળો ન થાય, સૂરજ તો પીળો ન થાય પણ એનો પ્રકાશ પણ પીળો ન થાય. પીળા રંગને ભલે જાહેર કરે.

ઉત્તર :- કોલસાને?

મુમુક્ષુ :- કાળો ન થાય.

ઉત્તર :- નહીં. કાળું કોણ ન થાય?

મુમુક્ષુ :- કાળો પ્રકાશ પણ ન થાય અને પ્રકાશક સૂરજ પણ ન થાય.

ઉત્તર :- પ્રકાશમાં કોલસો કાળો તો જણાય છે? તો કેમ કાળો ન થાય? એનું કારણ શું?

મુમુક્ષુ :- બેય જુદા છે.

ઉત્તર :- જુદા છે. ભિન્ન છે. પ્રકાશમાં કોલસાનો અભાવ છે અને કોલસામાં પ્રકાશનો અભાવ છે. બેયની જાત જુદી છે.

મુમુક્ષુ :- તન્યમપણું નથી.

ઉત્તર :- તન્મય નથી. ભિન્ન છે.

મુમુક્ષુ :- કોલસાની કાળપ જો પ્રકાશમાં આવે તો પ્રકાશક સૂરજ કાળો થઈ જાય.

ઉત્તર :- કાળો થઈ જાય. ...... જોઈએ.

ઉત્તર :- હં.. તો આત્મા અશુધ્ધ થઈ જાય. એનું લક્ષણ બગડે તો લક્ષ બગડી જાય. લક્ષણ પણ બગડતું નથી અને લક્ષ પણ બગડતું નથી. લક્ષણ પણ અનાદિ એવું ને એવું ઉપયોગલક્ષણ છે. આહાહા! લક્ષણ દ્વારા તો લક્ષ પ્રસિધ્ધ થાય. હવે જો એ પ્રકાશ થઈ જાય કાળો તો સૂર્ય પ્રસિધ્ધ ક્યાંથી થાય? અથવા સૂર્ય કાળો છે એવી ભ્રાંતિ થઈ જાય. તો પ્રકાશ પણ કાળો થતો નથી. કાળાપણું કોલસામાં છે, ભાઈ! કોલસાની કાળપ ઊડીને પ્રકાશમાં પ્રવેશતી નથી.

એમ રાગ ઊડીને, ત્યાંથી ઉછળીને આત્મામાં આવતો નથી. આત્મામાં તો ન આવે પણ ઉપયોગમાં પણ ન આવે. એટલે ઉપયોગથી રાગ ભિન્ન છે અને ઉપયોગથી આત્મા અભિન્ન છે એ જ વખતે એને અનુભવ થાય, અનુભવ થાય ત્યારે આનંદનો સ્વાદ આવે. એનું નામ આસ્રવ રોકાણો અને સંવરની દશા પ્રગટ થઈ.

એમ ને. **ત્યારે ન કંઈ પણ ભાવ તે ઉપયોગશુધ્ધાત્મા કરે.** ત્યારે એને રાગાદિ પરિણામની એકતાબુધ્ધિ તૂટી જાય છે. રાગ રહી જાય પણ રાગ મારો એવી બુધ્ધિ છૂટી જાય છે.

મુમુક્ષુ :- લક્ષ-લક્ષણનો વિરોધાભાસ ન હોય શકે.

ઉત્તર :- ત્રણેકાળ હંમેશા જડનું લક્ષણ જડ હોય. હવે ચેતનના યોગમાં જડ આવ્યું. સમજી ગયા? તો જડ જે લક્ષણ છે એ બદલીને ચેતનલક્ષણ થઈ જાય?

મુમુક્ષુ :- અત્યંત નજીકતા હોય તોપણ શું?

ઉત્તર :- અત્યંત નજીક આ દેહ અને આત્મા એકમેક જેવું દેખાય છે. આઠ કર્મ અને આત્મા એકમેક જેવું દેખાય છે. પીંડ. હેં? તો જે જડ છે એ ત્રણેકાળ જડભાવે અને ચેતન ત્રણેકાળ ચેતનભાવે પરિણમે છે. 'જડભાવે જડ પરિણમે ચેતન ચેતનભાવ કોઈ કોઈ પલટે નહીં છોડી આપ સ્વભાવ' આહાહા! પુદ્ગલ એનો સ્વભાવ છોડતો નથી અને આત્મા એનો સ્વભાવ છોડતો નથી. પણ ભ્રાંતિથી રાગ જણાતા હું રાગી, દેહ જણાતા દેહ મારો, બિલ્ડીંગ જણાતા બિલ્ડીંગ મારું, હીરો જણાતા હીરો મારો, આહા! આ ચૈતન્ય હીરો મારો ભૂલી ગયો. આ પણ ચૈતન્ય હીરો છે ને. આહાહા!

હીરો જણાય છે ને ત્યાં જ ભૂલ છે. ઉપયોગમાં હીરો નથી. જેમાં જે નથી એ જણાય અને જેમાં છે એ નથી જણાતું? જ્ઞાનમાં તો જ્ઞાયક છે. એ નથી જણાતું અને ભીંત જણાય છે. ભૂલ છે એ.

મુમુક્ષુ :- ઘટપટ દેખાય અને સૂરજ ક્યાં? તો કહે ઉપર જોઈને કહું એમ હોય?

ઉત્તર :- આહાહા! પણ દષ્ટિ ઘડા ઉપર છે ને. એટલે ઘડો દેખાય છે અને સૂર્ય દેખાતો નથી. કે શું દેખાય છે? કે ઘડો. કે સૂર્ય નથી? કે ના. ઘડો જ છે. કેટલી જડતા? હવે એની ટીકા. ઓહોહો! સંતોએ તો કામ કર્યા છે! ભેદજ્ઞાનનો મહામંત્ર છે. નમોકારમંત્રનો જાપ કર્યો અનંતવાર. અનંતકાળમાં જૈનકુળમાં જનમ્યો. પંચપરમેષ્ઠી પદનું સ્મરણ કર્યું, ભગવાનની ભક્તિ કરી, આહા! પણ ભેદજ્ઞાનના મંત્રની માળા એણે જાપ ન કર્યો. સવારે ઉઠતી વખતે, રાત્રે સૂતી વખતે, ઉંઘ ઊડી જાય ત્યારે ભેદજ્ઞાનનો વિચાર કરવો જોઈએ. શું કહ્યું?

જ્યારે રાત્રે ઉંઘ ઊડી જાય, સમજી ગયા? તો ભેદજ્ઞાનનો વિચાર કરવો. પહેલાં નમોકારમંત્ર ગણી લેવા. એનો વાંધો નથી, છૂટ છે. સમજી ગયા? પણ એને ગણવામાં ન રોકાવું. કેમ? કે એ પરદ્રવ્યનું સ્મરણ છે. ભેદજ્ઞાનમાં સ્વદ્રવ્યનું સ્મરણ આવે એટલે ભેદજ્ઞાનની અધિકતા છે. પંચપરમેષ્ઠીની સાથે સરખામણી કરતાં, આ પંચપરમેષ્ઠીએ કહ્યું છે, હોં! કે મારું સ્મરણ નહીં કરતો તું, તારું સ્મરણ કરજે. એની વાણીમાં આવ્યું છે ને આ. હેં! આહા! કેમકે 'પરદવ્વાઓ દુગ્ગઈ' મારી સામે જોઈશ તો તને રાગ થશે. હવે એની ટીકા.

શું કહ્યું? ઉંઘ ઊડી જાય ત્યારે ભેદજ્ઞાનનો વિચાર કરવો. નવકાર ગણી લેવા. જરા માનસિક સ્થિરતાને કારણે. પહેલી માનસિક સ્થિરતા આવે. નમોકાર મંત્ર ગણો ને તો બધા પાપના પરિણામ ચાલ્યા જાય. પાપના પરિણામ આવતા હોય ને એ ચાલ્યા જાય અને પંચપરમમેષ્ઠીનું સ્મરણ કરો એટલે એ વખતે કષાયની મંદતા થાય. એ વખતે શુભભાવ છે.

પછી જ્યાં ભેદજ્ઞાનનો વિચાર કરો ત્યાં આત્મા હાથમાં આવે. ઓહો! આ પરવસ્તુ ગઈ તો મારી ક્યાં છે? પરવસ્તુ મરી ગઈ તો મારી ક્યાં છે? વિયોગ થયો તો મારી ક્યાં છે? એમ એનો વારંવાર વારંવાર ભેદજ્ઞાનનો વિચાર કરતાં જીવને આત્માની અધિકતા આવે છે. સંયોગની અધિકતા છૂટતી જાય છે અને સ્વભાવની અધિકતા આવવા મંડે છે. ભેદજ્ઞાનમાં જુદુ પાડવાનું છે. નમોકારમંત્રમાં એકતા થઈ જાય છે. કોને કહેવું? આહા!

પરદ્રવ્યના સ્મરણમાં સ્વદ્રવ્ય ચૂકેલો પરદ્રવ્યની સાથે એકતા કરે છે. આહાહા! છે સૂક્ષ્મ વાત જરા. સ્વદ્રવ્યથી વિમુખ થયેલો જીવ પંચપરમેષ્ઠીની ભક્તિનું સ્મરણ કરે છે. જેની સાથે સ્મરણ કરે તેની સાથે એકતા કરી લ્યે છે, અને, અને જો જો સૂક્ષ્મ વાત છે. કહેવાય નહીં પણ એમાં મિથ્યાત્વ, કષાયની મંદતા થાય ત્યારે મિથ્યાત્વ વધે છે અને ભેદજ્ઞાનના મંત્રમાં કષાયની મંદતાની સાથે મિથ્યાત્વ ગળે છે.

મુમુક્ષુ :- ડબલ ફાયદો. પેલામાં મોટો દોષ લાગતો જાય અને થોડો દોષ ઘટતો જાય. અહીંયા બન્ને દોષ ટળતા જાય.

ઉત્તર :- ઘટતો જાય. લાઈન ફેર છે. માટે સંતો ભેદજ્ઞાનની પ્રશંસા કરે છે. કે ભેદજ્ઞાનથી જેટલા સિધ્ધપરમાત્મા થયા એ બધા ભેદવિજ્ઞાનથી થયા છે. આહાહા!

સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય ભિન્ન છે. નવતત્ત્વ એ પરદ્રવ્ય છે. પરદ્રવ્યનું સ્મરણ નહીં, સ્વદ્રવ્ય એનાથી ભિન્ન છે, હું શુધ્ધાત્મા, એવું સ્મરણ કરવું જોઈએ. ટીકા. આ સંવર અધિકાર, ધર્મનો અધિકાર બહુ ઊંચા પ્રકારનો અધિકાર છે. મિથ્યાત્વ રોકાય જાય, અજ્ઞાન ટળી જાય, સમ્યગ્જ્ઞાન કેમ પ્રગટ થાય અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થયું (એ) ખબર કેમ પડે? આનંદ વેદાય ત્યારે. જયાં સુધી આનંદનું વેદન ન આવે ત્યાં સુધી ધર્મ થયો નથી. કર્મ થયું છે. પણ લાખ રૂપિયા દેવલાલીમાં આપ્યા ને ધર્મ થયો, કે ન થાય. એ વખતે આનંદ આવ્યો? આનંદ આવ્યો તો ધર્મ કહેવાય. આકુળતા આવે. હેં?

મુમુક્ષુ :- ખરચવાનો તો આનંદ આવ્યો ને? પ્રભુ!

ઉત્તર :- એ તો ભાઈ! કષાયની મંદતા થઈ શુભભાવ થયો અને એ શુભભાવ કોણે કર્યો?

મુમુક્ષુ :- પુદ્‌ગલે કર્યો.

ઉત્તર :- પુદ્‌ગલે કર્યો તો મિથ્યાત્વ ગળે અને મેં કર્યો તો મિથ્યાત્વ લાખ રૂપિયા પણ ગયા અને સાથે પાપ પણ આવ્યું.

મુમુક્ષુ :- બન્ને બાજુ નુકસાન થઈ ગયું આ તો. પુદ્‌ગલે કર્યો તો મિથ્યાત્વ ગળે અને મેં કર્યો તો પાપનો બંધ થાય.

ઉત્તર :- પાપ વધે. મિથ્યાત્વનું પાપ વધ્યું. ઓલો લોભ કષાય ઘટાડયો તો શુભભાવ થયો. પણ શુભભાવની સાથે મેં કર્યો શુભભાવ, મેં દાન આપ્યું, આહાહા! એણે પાપ કર્યું.

મુમુક્ષુ :- પૈસા આપ્યા તોપણ સાહેબ?

ઉત્તર :- એની તો વાત ચાલે છે. પૈસાનો સ્વામી કોણ હતો ઈ? હવે પુદ્‌ગલ એનો સ્વામી હતો અને તમે એના ધણી થઈ ગયા કે મેં આપ્યા. પાપ થયું કે નહીં?

મુમુક્ષુ :- ચોર થઈ ગયો.

ઉત્તર :- ચોર થઈ ગયો કે નહીં? પૈસાનો સ્વામી ધણી કોણ છે? ગુરુદેવ કહેતા હતા. ભેંસનો સ્વામી પાડો. કહેતા હતા કે નહીં?

મુમુક્ષુ :- હા જી.

ઉત્તર :- અરે! રાગનો સ્વામી આત્મા નથી. તો જડ, પુદ્‌ગલ પૈસો તો એના દ્રવ્યગુણપર્યાયમાં નથી. આ તો પરાશ્રિત એની પર્યાયમાં રાગ છે. એનો સ્વામી થાય તો મિથ્યાત્વનો દોષ લાગે છે.

મુમુક્ષુ :- જે એની સત્તામાં નથી...

ઉત્તર :- સત્તામાં નથી. દ્રવ્યગુણપર્યાયમાં નથી. પૈસો તો પ્રમાણની બહાર છે. પૈસો તમારો

ક્યાંથી થઈ ગયો? આહા! આ તો ગુરુદેવે કોઈ ભેદજ્ઞાનની વાત બહાર મુકી છે. વાત હતી નહીં.

**ટીકા :- ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી.** મહાસિધ્ધાંત! પહેલાં છએ દ્રવ્યને લાગુ પડી જાય. પછી આત્મામાં એ વાત ઉતારશે. ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી.એટલે આત્માનો પૈસો નથી ને પૈસાનો આત્મા નથી. બે વસ્તુ ભિન્ન છે ને.

**ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી.** આત્માની લક્ષ્મી નથી ને લક્ષ્મીનો આત્મા નથી. એક વાત. ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી એટલે જ્ઞાન પુદ્ગલનું નથી અને પુદ્ગલ જ્ઞાનનું નથી. દાનનો શુભરાગ એ આત્માનો નથી અને આત્મા એ દાનનો ભાવ નથી. બેય ચીજ ભિન્ન છે. એક વસ્તુ બીજી વસ્તુમાં નથી. આહા!

એક વસ્તુમાં એની જ્ઞાનની અવસ્થા છે, પણ એ વસ્તુમાં રાગની અવસ્થા છે જ નહીં. વસ્તુ બીજી છે. રાગ બીજી વસ્તુ છે અને જ્ઞાન બીજી વસ્તુ છે. 'જ્ઞાન ભિન્ન ઔર રાગ ભિન્ન' જ્ઞાન ભિન્ન ઔર રાગ ભિન્ન છે. એક વસ્તુ બીજી વસ્તુની નથી. આ બે આંગળી છે. એક આંગળી બીજી આંગળીની નથી. બીજી આંગળી પેહેલીની નથી. એકમાં બીજાનો અભાવ ત્યારે બેનો સદ્ભાવ. એકમાં બીજાનો અભાવ ત્યારે બેનો સદ્ભાવ. એકમાં બીજાનું ભેળસેળ કરે તો બેયનો અભાવ.

મુમુક્ષુ :- ઓનો આધાર આનો આધાર પણ ન થાય?

ઉત્તર :- ના, વસ્તુ જ જુદી છે. વસ્તુ જુદી છે. એક વસ્તુ બીજી વસ્તુમાં નથી. એમ આત્મામાં રાગ નથી અને રાગમાં આત્મા નથી. આહાહા! ત્યારે રાગ કોના પરિણામ? કે પુદ્ગલના પરિણામ. કે ક્યારે? કે ત્રણેકાળ. ભેદજ્ઞાન પછી કે ભેદજ્ઞાન પહેલાં? કે ત્રણેકાળ. ભેદજ્ઞાન હો કે ભેદજ્ઞાન ન હો.

મુમુક્ષુ :- તારી માન્યતા પ્રમાણે ફેરફાર પરિસ્થિતિમાં થાય?

ઉત્તર :- વસ્તુસ્થિતિ ફરે નહીં. તું ચેતનના પરિણામ માન તો રાગ કાંઈ ચેતનના પરિણામ થઈ જાય? માનવાથી થાય? આહાહા! એક વસ્તુ બીજી વસ્તુની નથી. એકમાં બીજાનો અભાવ. એકમાં બીજાનો અભાવ છે. આહા!

**અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઈ સંબંધી નથી.** કાંઈ લેવા-દેવા નથી. આત્માને રાગની સાથે કાંઈ સંબંધ નથી. કેમકે વસ્તુ બેય જુદી જુદી છે. દ્રવ્ય ને પર્યાય વચ્ચે સંબંધ હોય. દ્રવ્ય અને પર્યાય વચ્ચે સંબંધ હોય. પણ વસ્તુ જ બીજી એની સાથે સંબંધ ક્યાંથી હોય? દ્રવ્ય અને પર્યાય વચ્ચે સંબંધ હોય એટલે? આત્મા જ્ઞાનમય છે અને એનો ઉપયોગ જે પર્યાય છે એ બેની સાથે સંબંધ છે. કર્તા-કર્મ સંબંધ છે, આધાર-આધેય સંબંધ છે. પણ જે વસ્તુ જ બીજી છે એની સાથે તો કાંઈ સંબંધ નથી. એની પર્યાય જ નથી. એમ કહે છે.

ક્રોધ, માન, માયા, લોભ જીવના પરિણામ જ નથી. આકરી પડે એવી વાત છે. સુરેન્દ્રભાઈ!

આહા! **એક વસ્તુ બીજી વસ્તુની નથી.** ભગવાનની પૂજાનો ભાવ બીજી વસ્તુ છે. અને એને જાણનારું જ્ઞાન એ પૂજાના ભાવથી ભિન્ન છે. એ વસ્તુ બીજી છે. એક વસ્તુ ને બીજાના પરિણામ ભિન્ન છે એમ ન લખ્યું. બે વસ્તુ ભિન્ન છે. ક્રોધમાં જડ વસેલું છે અને ઉપયોગમાં ચેતન વસેલું છે, માટે વસ્તુ ભિન્ન છે. ઉપયોગમાં ચેતન વસે છે અને રાગમાં જડ વસે છે માટે ચેતન અને જડ બે વસ્તુ ભિન્ન થઈ ગઈ. ભિન્ન છે.

મુમુક્ષુ :- પ્રકાશમાં સૂરજ વસે છે અને ઘડાની પર્યાયમાં માટી વસે છે. માટે સૂરજ અને માટી જુદા છે.

ઉત્તર :- માટી વસે છે. માટે બે વસ્તુ ભિન્ન છે. સૂરજ અને ઘડો બે વસ્તુ ભિન્ન છે. એક વસ્તુ બીજી વસ્તુની નથી તો બે વસ્તુ સિધ્ધ થાય. એક બીજામાં ભળી જાય તો બેયનો નાશ થઈ જાય. સૂર્યમાં ઘડો આવી જાય અને ઘડામાં સૂર્ય આવી જાય. સૂર્ય અસ્ત થાય તો ઘડો તો રહે છે અને ઘડો ફૂટી જાય તોપણ સૂર્ય તો રહે છે. આહા!

આ જૈનદર્શન છે. એકદમ લોજીક, ન્યાય, આગમ, યુક્તિ, અનુભવથી સિધ્ધ થાય એમ છે. એને શાંતિથી પોતાનો પક્ષ છોડી અને એને લક્ષમાં લેવું જોઈએ. તો એને બરાબર બેસી જાય એવું છે. **એક વસ્તુ બીજી વસ્તુની નથી.** આ હાથ બીજી વસ્તુ અને રૂમાલ બીજી વસ્તુ. એક વસ્તુ બીજી વસ્તુની નથી. એમ આત્મા અને દેહ, એક વસ્તુ બીજી વસ્તુની નથી. એમ આત્મા અને રાગ, એક વસ્તુ બીજી વસ્તુની નથી. આહા! ચેતનમાં રાગની નાસ્તિ છે. જડ છે એ તો. બીપીનભાઈના બા આવી ગયા છે? રાજકોટ હતા એ. છેલ્લા ત્રણ દિવસનું વ્યાખ્યાન (સાંભળીને) બહુ ખુશી બતાવી. થ્રી ડેઈઝ. લાસ્ટ થ્રી ડેઈઝ.

**ખરેખર એક વસ્તુ બીજી વસ્તુની નથી,** હોં! આહા! રાગ મારો છે, રાગ મારો છે, રહેવા દે ને. રાગ તારો થયો નથી ને થવાનો પણ નથી. કેમકે એક વસ્તુ બીજી વસ્તુની થઈ શકતી નથી. જો રાગ આત્માનો થાય તો આત્મા જડ થઈ જાય અને આત્મા રાગરૂપ થઈ જાય તો ચેતનનો નાશ થાય. ઓમાં જડનો નાશ અને કાં ચેતનનો નાશ. એ તો નાશ તો થઈ શકતો નથી.

માટે **ખરેખર એક વસ્તુની બીજી વસ્તુ નથી.** વસ્તુ કહી દીધી, હોં! ક્રોધને વસ્તુ કહી. કેમકે ક્રોધમાં જડ વસે છે. વસ્તુમાં, વસ્તુમાં એના ધર્મો વસે છે. ધર્મો જેમાં વસે એને વસ્તુ કહેવાય. ધર્મો જેમાં વસે એને વસ્તુ કહેવાય. તો ક્રોધ છે એમાં જડ નામનો ધર્મ વસેલો છે, માટે વસ્તુ છે અને આત્મા એમાં ચેતન છે, માટે ચેતન વસેલો છે માટે વસ્તુ છે. બેય વસ્તુ અલગ અલગ છે.

કોઈ કહે પર્યાય છે, પર્યાયમાં પણ વસેલું છે ને જડત્વ. તો જડત્વ જેમાં વસે એવો ક્રોધ એ જડભાવ છે. ચેતનભાવ નથી. કે દ્રવ્યને જ વસ્તુ કહેવાય? તો કહે ના, પર્યાયને પણ વસ્તુ કહેવાય.

વસ્તુ એનું નામ કે એમાં એનો ધર્મ વસેલો છે એને વસ્તુ કહેવાય. 'વસ્તુ સહાવો ધમ્મો' જે વસ્તુમાં જે ધર્મ રહેલો હોય એને એ વસ્તુ કહેવામાં આવે. એ જડભાવ છે. દયા, દાનના પરિણામ એ જડભાવ છે. એમાં જડભાવ વસેલો છે. **અર્થાત્ એક વસ્તુની બીજી વસ્તુ કાંઇ સંબંધી નથી. કારણ કે,** હવે બીજી લીટી. હવે મહાસિધ્ધાંત એક સિધ્ધ કરે છે. **એક વસ્તુ બીજી વસ્તુની નથી.** નંબર વન. કારણ શું? કારણ આપે છે. **કારણ કે બન્નેના પ્રદેશો ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે.** શું કહે છે? સૂક્ષ્મ વાત છે.

કારણ આપે છે કે એક વસ્તુ બીજી વસ્તુની કેમ નથી? સૂડીમાં સોપારી નથી અને સોપારીમાં સૂડી નથી. **એક વસ્તુ બીજી વસ્તુની નથી.** કેમ? કે બેયના પ્રદેશો ભિન્ન છે. બેયના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભિન્ન છે. **કારણ કે બન્નેના પ્રદેશો** એટલે બન્નેના ક્ષેત્રો, **બન્નેના ક્ષેત્રો ભિન્ન હોવાથી,** ભિન્ન થવાથી લખ્યું નથી. ત્રણેકાળ ભિન્ન છે. આત્મા ને રાગ ત્રણેકાળ ભિન્ન છે. **ભિન્ન હોવાથી તેમને એક સત્તાની અનુપપત્તિ છે.** બે થઈને એક સત્તા નથી. આત્મામાં રાગ પણ થાય અને આત્મામાં જ્ઞાન પણ થાય એ બે થઈને એક સત્તા છે એમ નથી. બેયની સત્તા ન્યારી ન્યારી છે. આહા! ભિન્ન ભિન્ન છે.

**અર્થાત્ બન્નેની સત્તા જુદી જુદી છે,** સત્તા એટલે અસ્તિત્વ. જ્ઞાનમય આત્મા એનું અસ્તિત્વ ભિન્ન અને પુદ્ગલમય રાગ એનું અસ્તિત્વ ભિન્ન ભિન્ન છે. આહા! રાગી તો પુદ્ગલ છે. એ પુદ્ગલના પરિણામ છે. ચેતન હોવાની ભ્રાંતિ થઈ છે. પણ ચેતન છે નહીં. મૃગલાને ભ્રાંતિ થાય છે. ઉનાળામાં તાપમાં તૃષા લાગે એટલે આમ જાણે દૂરથી જુએ, મૃગજળ જેને કહેવાય. જળ નથી જળની ભ્રાંતિ. તો મૃગલો દોડે છે. જેમ જેમ દોડે તેમ તેમ પાણી દૂર જાતું જાય. પાણી ક્યાં દૂર જાતું જાય છે, પાણી જ નથી ત્યાં દૂર જાવાનો કે નજીક આવવાનો પ્રશ્ન જ ક્યાં છે?

જેમ જેમ દોડે છે, જેમ જેમ દોડે છે, જેમ જેમ દોડે છે, એમ એમ એ દોડ્યા જ કરે છે, શું કામ? પાણી એને દેખાય છે, પાણી દેખાય છે પહેલાં નજીક દેખાતું હતું. એમ દોડે છે એમ પાણી દૂર દૂર દેખાતું જાય છે. છે નહીં પાણી. એમ પૈસા! પૈસાની પાછળ દોડે છે. મૃગલો છે એ. અજ્ઞાની જીવ મૃગલો છે. આહાહા! દોડતો દોડતો એને પાણી મળતું નથી. અને આખરમાં મરણને શરણ થાય છે. હેં?

મુમુક્ષુ :- પાણી માંગવા પણ રહેતો નથી.

ઉત્તર :- પાણી પાણી કરે છે પણ પાણી એને મળતું નથી. એમ પૈસાની પાછળ દોટ મુકે છે, સુખ સુખ સુખ સુખ સુખ. થોડા પૈસા હોય તો થોડું સુખ અને જાજા પૈસા હોય તો જાજુ સુખ ગુણાકાર સીધો કરી લ્યો ને. શેઠીજી! સીધી વાત છે. પૈસાવાળા બહુ સુખી. હેં? આ શાંતિભાઈનું આહા! આવું મકાન ને કેવા સુખી હશે? એ તો એને ખાનગીમાં પૂછો તો ખબર પડે. ખાનગીમાં પૂછો ને તો ખબર પડે.

મુમુક્ષુ :- જૂઠું બોલવું પડે. તો તો સાહેબ એનાથી વધારે સારું મકાન હોય એ વધારે સુખી હોય ને?

ઉત્તર :- અરે! એ ગુણાકાર જ કયાં લાગુ પડે છે. આહા! એક વસ્તુ બીજી વસ્તુની નથી. કારણ કે પ્રદેશ ભેદ છે.

મૃગલો જેમ જાવાં નાખે છે. એમ અજ્ઞાની સંયોગની પાછળ ઝૂરી ઝૂરીને મરે છે. ઝૂરી ઝૂરીને મરે છે. છેલ્લી મિનિટ સુધી ઝૂરે છે એ. ડોકટર મનાઈ કરે છે કે ત્રણ એટેક આવી ગયા. દુકાને જઈશ નહીં. તોપણ જાય છે. ઘરની મોટર છે. ફર્સ્ટ કલાસ ડ્રાઈવર છે. ડ્રાઈવરને કહે કે ધીમે ચલાવજે, હોં! મને હાર્ટ એટેક આવી ગયો છે. પણ જાવું તો પડશે જ. બોલો! આહા! રસ્તામાં જ રામ બોલો ભાઈ રામ, રસ્તામાં જ. ડોકટરે ચેતવણી આપી હતી. પણ મૃગલો છે ને. આહા! પૈસાથી તૃષા તો છીપાતી નથી. છીપાય છે? સાચું કહેજે.

મુમુક્ષુ :- કમકે પાણી નથી તો કયાંથી છીપાય?

ઉત્તર :- પાણી જ ન મળે તો તૃષા છીપાય કયાંથી? તેમ સંયોગમાં સુખ નથી, આહા! તો તૃપ્તિ કયાંથી થાય? સંયોગમાં સુખ છે? આહા! સંયોગીભાવમાં સુખ નથી તો સંયોગમાં તો સુખ કયાંથી હોય. રાગમાં સુખ નથી તો રાગના નિમિત્તોમાં સુખ કયાંથી હોય. સ્ટેનલેસ સ્ટીલમાં સુખ હશે? ધન્નાલાલજી! નહીં? વકરો જાજો થાય તો? વકરો જાજો થાય તો?

મુમુક્ષુ :- ..એટલી વાર સુખ છે બાકી તો દુઃખ જ છે.

ઉત્તર :- એમ કહે છે કે અહીંયા બેસીએ છીએ અને સ્વાધ્યાય કરીએ છીએ ત્યાં સુધી એટલી વાર દુઃખ ભૂલાય જાય છે. દુઃખ ચાલ્યું જાય છે એમ નહીં.

મુમુક્ષુ :- બરાબર પકડો છો.

ઉત્તર :- દુઃખ જાતું નથી. આમાં ઉપયોગ થોડો ફર્યોને એટલે દુઃખ ભૂલાય છે. આહા! મીઠાભાઈના બનેવી છે ને. **એ રીતે બે સત્તાની અનુપપત્તિ.** એક સત્તા નથી. બે સત્તા ભિન્ન ભિન્ન છે. **અને એ રીતે એક વસ્તુની બીજી વસ્તુ નહીં હોવાથી એક સાથે બીજીને આધારાધેય સંબંધ પણ નથી જ.** ત્રણ વાત કરી. એક વસ્તુ બીજી વસ્તુની નથી કેમકે ક્ષેત્ર ભેદ છે. ક્ષેત્ર ભેદ હોવાથી બેયને આધારાધેય સંબંધ નથી. જ્ઞાનને અને આત્માને આધારાધેય છે. પણ આત્માને અને રાગને આધારાધેય નથી. કેમકે રાગનો આધાર પુદ્ગલ છે. અને જ્ઞાનનો આધાર તો આત્મા છે.

આધારાધેય સંબંધ પણ નથી. આત્માને આધારે રાગ થતો જ નથી. રાગ અદ્ધરથી થાય છે અને કાં પુદ્ગલઆશ્રિત હોવાથી પુદ્ગલને આશ્રયે થાય છે. કાં ક્ષણિક ઉપાદાન છે અને કાં પુદ્ગલના પરિણામ છે. જે તમને ઠીક લાગે એ બેસાડી દયો. અમને કાંઈ વાંધો નથી. એનાથી આત્મા જુદો છે. એટલું તો નક્કી. થઈ ગયો ટાઈમ લ્યો!